# 23

**રાજ્યમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ**

***15/4/2140 શ્રી બાબુસિંહ સારાભાઇ જાદવ** (વટવા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સાર્વત્રીક રસીકરણ દ્વારા કઈ કઈ રસીઓ આપવામાં આવે છે, | (૧) | તા: ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગુજરાતમાં હાલમાં, જન્મથી લઈને ૧૬ વર્ષની ઉંમરના બાળકો અને સગર્ભામાતાઓ માટે ૧૧ ઘાતક રોગો સામે રક્ષણ આપવા માટે હીપેટાઈટીસ બી, ઓરલ પોલીયો રસી, બીસીજી, ડીપીટી(ત્રિગુણી), પેન્ટાવેલેન્ટ રસી( પંચગુણી રસી), ન્યુમોકોકલ વેકસીન, રોટાવાયરસ વેકસીન, ઈન્જેકટેબલ પોલીયો વેકસીન, ઓરી રૂબેલા વેકસીન અને ટીડીની વેકસીન વય આધારિત રાષ્ટ્રીય રસીકરણ સમયપત્રક મુજબ આપવામાં આવે છે. |
| (૨) | સાર્વત્રીક રસીકરણ કાર્યક્રમ દ્વારા કયા કયા રોગો સામે રક્ષણ આપવામાં આવે છે,અને | (૨) | સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ મારફતે ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ડીપ્થેરીયા, ઊટાટીયુ, ધનુર, હીબ બેક્ટેરિયાથી થતા રોગો, ન્યુમોમોકલ ન્યુમોનીયા, રોટા વાયરસથી થતા ઝાડા, ઓરી અને રૂબેલા જેવા રોગો સામે રક્ષણ પૂરું પાડવામાં આવે છે. |
| (૩) | રસીઓની ગુણવત્તા જળવાય એ માટે સરકાર દ્વારા ક્યા પગલાં ભરવામાં આવે છે? | (૩) | ભારત સરકાર તરફથી ફાળવવામાં આવતી રસીઓની ઉચ્ચ ગુણવત્તા જળવાય એ માટે તમામ રસીઓની બેચનું કસૌલી ખાતે ક્વોલીટી ટેસ્ટીંગ થયા પછી ઉત્પાદકથી લઈને તમામ કોલ્ડ ચેઈન પોઈન્ટ પર નિયત કરેલ તાપમાને રસીઓનો સંગ્રહ અને વિતરણ કરવામાં આવે છે. રસીઓના સંગ્રહ માટે અને નિયત તાપમાને જાળવણી માટે કુલ ૨૨૦૦ કોલ્ડ ચેઈન પોઈન્ટ કાર્યરત છે. રાજયમાં તમામ કોલ્ડ ચેઈન પોઈન્ટ પર નિયત તાપમાન જળવાઈ રહે તે માટે આધુનિક ડીઝિટલ ટેમ્પરેચર લોગર મશીન થકી સતત મોનિટરીંગ કરવામાં આવે છે અને તેની દેખરેખ અને નિયંત્રણ ઈ-વીન સોફ્ટવેર થકી કરવામાં આવે છે. રાજયમાં અનિવાર્ય સંજોગો દરમિયાન કોલ્ડ ચેઈન પ્રણાલીને જાળવી રાખવા માટે કન્ટીન્જન્સી પ્લાન અને કોલ્ડ ચેઈનના સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. |

---------------